જા.નં.મકમ/૨૦૨૪/જુ.પે.યો./17128 તા.૨૦/૧૨/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિન સરકારી અનુદાનિત શાળા(ગ્રાન્ટેડ શાળાઓ)
સુરત, જિ.સુરત

૨/- તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા નિમણૂક પામેલ બિન સરકારી અનુદાનિત શાળાઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ હાલમાં શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તરીકે કાર્યરત હોય તેવા તમામ અધિકારીશ્રીની માહીતી સામેલ પત્ર અને પત્રક-૧ મુજબ ભરી દિન-૦૧માં(તા.૨૧/૧૧/૨૦૨૪ને બપોર ૧૨:૦૦કલાક સુધીમાં)રૂબરૂમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. આ માહીતી આપવામાં કોઈ ચૂક તથા માહીતી બાકી રહેવાથી જે અધિકારી લાભથી વંચિત રહેશે તો હાલના આચાર્યશ્રીની જવાબદારી રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લા- સુરત

**BY E-MAIL :**

ક્રમાંક : માધ્ય/પી.એફ.-૧/જુ.પે.યો./૨૦૨૪/૧૨૫૦૫-૩૯
કમિશનર શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર ૧૯, ગાંધીનગર.
તા.૧૯/૧૨/૨૦૨૪.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી – તમામ

વિષય: બિન સરકારી અનુદાનિત શાળાઓમાં અગાઉ ફરજ બજાવી ચૂકેલ તથા હાલમાં શિક્ષણ સેવા વર્ગ-૧ તથા શિક્ષણ સેવા વર્ગ-૨ તરીકે કાર્યરત હોય તેવાં અધિકારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા અંગેની માહિતી બાબત.

સંદર્ભ : ૧) અત્રેનો પત્રાંક : માધ્ય/પી.એફ-1/જુ.પે.યો./2024/12274-307 તા.11/12/24
૨) શિક્ષણ સેવા વર્ગ-૧ તથા શિક્ષણ સેવા વર્ગ-૨ના અધિકારીઓની તા.૧૨/૧૨/૨૪ ની રજુઆત

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, અત્રેથી સંદર્ભ-(૧) દર્શિત પત્રથી નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવ અનુસાર પાત્રતા ધરાવતા હોય તેવા બિનસરકારી અનુદાનિત શાળાઓના વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓની વિગતો રજુ કરવા જણાવેલ હતું. ત્યારબાદ શિક્ષણ સેવા વર્ગ-૧ તથા શિક્ષણ સેવા વર્ગ-૨ના અધિકારીઓની સંદર્ભ-(૨) દર્શિત રજુઆત ધ્યાને લેતાં, બિન સરકારી અનુદાનિત શાળાઓમાં અગાઉ ફરજ બજાવી ચૂકેલ અને નાણાં વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવ અનુસારની પાત્રતા ધરાવતાં હોય તેવાં હાલમાં શિક્ષણ સેવા વર્ગ-૧ તથા શિક્ષણ સેવા વર્ગ-૨ તરીકે કાર્યરત અધિકારીશ્રીઓની વિગતો સંદર્ભ-(૧) દર્શિત પત્રથી જણાવ્યા મુજબ નિયત એકસલ શીટ (ગુજરાતી – શ્રુતિ ફોન્ટ) માં તથા હાર્ડ કોપીમાં દિન-૫ માં વિગતવાર માહિતી નિયત નમુનામાં આ કચેરીના ઈ-મેઈલ **ssmadhyamik3@gmail.com** પર મોકલી આપવા જણાવવામાં આવે છે તથા હાર્ડ કોપી આ કચેરીની માધ્યમિક શાખામાં જમા કરાવવાની રહેશે.

નોંધ:
1) શાળા કક્ષાએથી સીધી માહિતી અત્રેની કચેરીને ન મોકલવા બાબતે આપની કક્ષાએથી સંબંધિતોને જરૂરી સૂચના આપવાની રહેશે.
2) આપના તાબા હેઠળની તમામ બિન સરકારી અનુદાનિત શાળાઓની સંકલિત માહિતી આપની કચેરી કક્ષાએથી આ પત્રનો સંદર્ભ ટાંકી રજુ કરવાની રહેશે.
3) જો જિલ્લા કચેરીની માહિતી શૂન્ય હોય તો નિયત પત્રકમાં "શૂન્ય" માહિતી પણ બિનચૂકપણે મોકલવાની રહેશે.

જો કોઈ માહિતી મોકલવાની રહી જશે અને ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત અધિકારીશ્રીની અંગત રહેશે. જેની ખાસ નોંધ લેશો.

બિડાણ: ઉપર મુજબ

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

**BY E-MAIL :**

ક્રમાંક : માધ્ય/પી.એફ.-૧/જુ.પે.યો./૨૦૨૪/૧૨૨૭૪-૩૦૧
કમિશનર શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર ૧૯, ગાંધીનગર.
તા. ૧૧./૧૨/૨૦૨૪.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી - તમામ

**વિષય** : બિન સરકારી અનુદાનિત શાળાઓના વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવા અંગેની માહિતી બાબત.

**સંદર્ભ** : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : ED/0556/11/2024, Dt.30-11-2024

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભપત્ર સાથે નાણા વિભાગના તા.૨૬/૧૧/૨૦૨૪ના પત્રથી નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવ અનુસાર પાત્રતા ધરાવતા અધિકારી/ કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવા બાબતે ઉક્ત ઠરાવ અનુસારની પાત્રતા ધરાવતા હોય તેવા બિનસરકારી અનુદાનિત શાળાઓના વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓની વિગતો આ સાથે સામેલ પત્રક- ૧ મુજબની એક્સલ શીટ (ગુજરાતી - શ્રુતિ ફોન્ટ) માં તથા હાર્ડ કોપીમાં દિન-૫ માં વિગતવાર માહિતી નિયત નમુનામાં આ કચેરીના ઈ-મેઈલ **ssmadhyamik3@gmail.com** પર મોકલી આપવા જણાવવામાં આવે છે તથા હાર્ડ કોપી આ કચેરીની માધ્યમિક શાખામાં જમા કરાવવાની રહેશે.

જો કોઈ માહિતી મોકલવાની રહી જશે અને ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત અધિકારીશ્રીની અંગત રહેશે. જેની ખાસ નોંધ લેશો.

નોંધ:

૧. આ સાથે સામેલ એક્સેલ શીટમાં પત્રક-૧ માં ફીક્સ પગારથી સેવામાં જોડાયેલ હોય અને હાલમાં ફરજ બજાવતાં હોય તથા ઉક્ત ઠરાવ અનુસારની પાત્રતા ધરાવતાં હોય તેવા વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓની વિગત પત્રક-૧ માં પ્રથમ સેવામાં જ માહિતી ભરવાની રહેશે.
૨. પ્રથમ સેવામાંથી દ્વિતીય સેવામાં જોડાયા હોય તો જ પત્રક-૧માં બીજી સેવામાં જોડાયા બાબતની વિગતો ભરવાની થાય દા.ત. કોઈ શિક્ષક તરીકે નિમણુંક પામ્યા બાદ મુખ્ય શિક્ષકમાં જોડાયા હોય તો દ્વિતીય સેવાની વિગત ભરવાની થાય અન્યથા પ્રથમ સેવાનાં ખાનામાં જ વિગતો ભરીને મોકલવી.
૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ગ્રાન્ટેડ શાળાનાં ઉક્ત ઠરાવ અનુસારની પાત્રતા ધરાવતાં હોય તેવાં વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓની માહિતી ઉક્ત વિગતો ધ્યાને લઈ નિયત પત્રક-૧ માં માહિતી આપવાની રહેશે.

બિડાણ: ઉપર મુજબ

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

# પત્રક-૧

**જિલ્લાનું નામઃ-**

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | સેવાની વિગત | જિલ્લા શિક્ષણાધિકારીએ એન.ઓ.સી. આપ્યા તારીખ | જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખ તથા વર્તમાનપત્રનું નામ | કાયમી બહાલી મળ્યા તારીખ | સેવાનો પ્રકાર (ફિક્સ/ નિયમિત) | નિમણુંક હુકમની તારીખ અને હાજર થયા તારીખ | ફિક્સના કિસ્સામાં પગાર પુર્ણ કર્યા બાદ નિયમિત નિમણુંક મેળવ્યા તારીખ | ફરજ મુકત/ વય નિવૃત્તિ/ સ્વૈચ્છિક નિવૃત્ત/ અવસાન તારીખ | નાણા વિભાગની સહમતીથી સેવા જોડાણ થયેલ છે? હા/ના? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | પ્રથમ સેવા | ૧ | | | | | | | |
| | | દ્વિતીય સેવા | ૨ | | | | | | | |
| | | ------ | ૩ | | | | | | | |
| | | હાલની સેવા | ૪ | | | | | | | |
| ૨ | | | ૧ | | | | | | | |
| | | | ૨ | | | | | | | |
| | | | ૩ | | | | | | | |
| | | | ૪ | | | | | | | |
| ૩ | | | ૧ | | | | | | | |
| | | | ૨ | | | | | | | |
| | | | ૩ | | | | | | | |
| | | | ૪ | | | | | | | |

## :: પ્રમાણપત્ર ::

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, નાણાં વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવેલ સૂચના મુજબ ચકાસણી કરીને સદરહું માહિતી મોકલી આપેલ છે તથા હવે સદર જિલ્લા કચેરી હેઠળની કોઈપણ બિનસરકારી અનુદાનિત શાળાના નિયમોનુસારની પાત્રતા ધરાવતાં કોઈપણ વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીની માહિતી મોકલવાની બાકી રહેતી નથી તે સબબ સદરહું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારીની સહી અને સિકકો

જિલ્લા કચેરીનું રાઉન્ડ સીલ

તારીખ

**નોંધ :**

સદરહું માહિતી શ્રુતિ ફોન્ટમાં અને એકસેલશીટમાં મોકલવાની રહેશે.

સદર માહિતીમાં આપની કચેરી હસ્તકની બિનસરકારી અનુદાનિત શાળામાં હાલમાં ફરજ બજાવતાં હોય અથવા આપની કચેરીમાંથી નિવૃત્ત થયેલ કર્મચારીઓની વિગતો આપવાની રહેશે.